# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

## પ્રશ્નપત્ર-૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ કુલ ગુણ : ૧૦૦

(વિભાગ:૧ 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવન ચરિત્ર, છઠ્ઠી આવૃતિ, ફેબ્રુઆરી ૨૦૦૭ના આધારે)

પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ નોંધ :- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.

**૧. શાસ્ત્રીજી મહારાજે કરેલાં જીવન પરિવર્તન**

૧. તલગાજરડા ગામના પટેલને યજ્ઞપુરુષદાસની વાતો સાંભળી ભગતજીનો ગુણ આવ્યો. ૧૨૬

૨. ડભોઈમાં પુરાણી મોરલીધરદાસ અને સૌની હઠ, માન અને ઈર્ષાની ગ્રંથિઓ ઓગાળી દીધી. ૧૪૩થી૧૪૬

૩. વિદ્યાગુરુ રંગાચાર્યને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત ઉપર વાતો કરી સંપ્રદાયમાં ખેંચ્યા. ૧૪૮-૧૪૯

૪. વાંસદાના દીવાન અમીન ઝવેરભાઈ નાથાભાઈને સત્સંગી કર્યા. ૧૫૪

૫. પીજના જેઠાભાઈને આખી રાત વાત કરી - અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરાવી. ૧૫૫-૧૫૬

૬. અમદાવાદના વૃદ્ધ સાધુ કૃષ્ણસ્વરૂપદાસજીને બ્રહ્મવિદ્યાનું હાર્દ બતાવી ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીનો મહિમા સમજાવ્યો. ૧૫૮

૭. જીવણરામ શાસ્ત્રીના શાંકર મતના સંસ્કારો બદલાઈને રામાનુજ ભાષ્યને પ્રમાણ માનવા લાગ્યા. ૧૮૨

૮. રાજકોટના છગનલાલ ધનેશ્વર રાવળે રોજ અદાશ્રીને ત્યાં વચનામૃત વાંચવા જવાનો નિયમ રાખ્યો. ૧૯૭

૯. દ્વારકાના અભિમાની વહીવટદાર રંગીલદાસ સ્વામીની ભક્તિ જોઈ મંદિર માટે જમીન આપવા તૈયાર થયા. ૨૦૭

૧૦. રામચંદ્રભાઈ ઠાકોરની ભડક બંડિયા થઈ જઈશું. - પણ સ્વામીશ્રીએ દૃષ્ટિમાં લીધા. ૨૬૭,૨૬૮

૧૧. સ્વામી ખરેખર મહાન પુરુષ છે - ભીખાભાઈ શુકલ. ૩૦૧

૧૨. બોચાસણના મુખી હિરાભાઈનું પરિવર્તન ૩૦૮થી૩૧૧

૧૩. બેચર કીસાનું અંતઃકરણ ફર્યું. ચાર દંડા જમીન બોચાસણ મંદિરના દરવાજા માટે માપી દીધી. ૩૩૩,૩૩૪

૧૪. સારંગપુરમાં ઝીંઝરના દરબાર રાણાભાઈને વચનામૃતની સાખે વાત કરી. શુષ્ક સત્સંગીમાંથી શુદ્ધ સત્સંગી કર્યા. ૩૮૩થી૩૮૫

૧૫. કુબેરભાઈનું પરિવર્તન. ૪૦૧

૧૬. વરતાલ કમિટિના સભ્ય દોલાભાઈના અંતરમાં શુદ્ધ ઉપાસનાની સવળી સમજણ. ૪૧૭

૧૭. લીમડીના ઠાકોર સાહેબ 'અમારા બોલ્યા સામું જોશો નહિ. આપને યોગ્ય લાગે તેમ કરશો.' ૪૨૬

૧૮. શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડને પોતાની અણસમજણ અને શંકા આપોઆપ નિર્મૂળ થઈ. ૪૫૨-૪૫૪

**૨. શાસ્ત્રીજી મહારાજે કરેલો ગુરુ ભગતજી મહારાજનો પ્રસંગ.**

**(૧) ભગતજીના યોગમાં :**

૧. સુરતમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠાના સમૈયામાં ભગતજી સુરત. ૫૫

૨. 'જ્ઞાનીને અનંત લોચન હોય છે.' ભગતજીએ પકડેલો યજ્ઞપુરુષદાસનો સંકલ્પ. ૫૬

૩. અક્ષરપુરુષોત્તમ નિષ્ઠાની વાતોની ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીની મળેલી સંમતિ. ૫૭

૭૦૨

૪. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય એટલે શું ? લોયા -૧૨ના વચનામૃતની ભગતજીએ કરેલી છણાવટ. ૫૭,૫૯
૫. સુરતના હરિભક્તોનો વિજ્ઞાનાનંદ સ્વામીને પ્રશ્ન. ૫૮
૬. ઉત્તમ નિર્વિકલ્પની યજ્ઞપુરુષદાસે કરેલી વિગતી ૫૯
૭. ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીનો રાજીપો - ભગતજીનો કહેલો મહિમા. ૫૯


**(૨) શાસ્ત્રીજી મહારાજની ગુરુભક્તિ**


૧. ભગતજી મહારાજ અદ્‌ભૂત પુરુષ છે એવી પ્રથમ દર્શને છાપ પડી. ૫૬
૨. લો. ૧૨માં ભગતજી મહારાજે કરેલ નિરૂપણથી ઉપાસનાનું રહસ્ય સમજાઈ ગયું. ૫૯
૩. પ્રાગજી ભક્તનો બ્રહ્મવિદ્યાના ગુરુ તરીકે મનોમન સ્વીકાર ૫૯
૪. માહાત્મ્યે સહિત ભગતજીનો નિશ્ચય - દર્શનથી આનંદ. ૬૯
૫. ગુરુને રાજી કરવા ચરણારવિંદની જોડ આપી દીધી. ૭૭
૬. ભગતજી મહારાજના દર્શન માટે પાણીનું ભરેલું રણ (ચાર ગાઉનું) પાર ઉતરી ગયા. ૮૩
૭. મહારાજની પ્રસાદીનો મોગરાની કળીનો હાર તથા તુંબડીની ગુરુ માટે ભેટ મોકલી. ૯૯
૮. ગુરુને રાજી કરવા વરતાલની સભામાં માફી માંગી. ૧૦૧
૯. મહુવામાં ભગતજીનો એકાંતિકપણાનું નિરૂપણ ૧૧૧
૧૦. ભગતજીનું ગુણાષ્ટક ..... શ્રીમન્નિર્ગુણમૂર્તયે. ૧૨૧
૧૧. રોટલા અને શાકોત્સવ ભગતજી દ્વારા સુખની લ્હાણ. ૧૨૯થી૧૩૨
૧૨. ભગતજીનું વાંકું બોલનારની ઈર્ષા ગ્રંથિ યજ્ઞપુરુષદાસજીએ ગાળી દીધી. ૧૪૫-૧૪૬
૧૩. ભગતજી મહારાજનો ખૂબ મહિમા કહીને પોતાના વિદ્યાગુરુને તેમનાં દર્શનની લગની લગાડી. ૧૪૯
૧૪. ભગતજીની કલ્પવૃક્ષ સાથે તુલના - ગુરુનો મહિમા જણાવો. ૧૪૯-૧૫૦
૧૫. વાંસદાના દીવાનને ભગતજીનો યર્થાથ નિશ્ચય કરાવ્યો. ૧૫૪
૧૬. અમદાવાદના વૃધ્ધ સાધુ કૃષ્ણ સ્વરૂપદાસજીને ભગતજી એકાંતિક સત્પુરુષ છે તેવો મહિમા દૃઢ કરાવ્યો. ૧૫૮-૧૫૯
૧૭. ભગતજીને સદ્‌ગુરુ તરીકે ઓળખાવીને અષ્ટક બનાવ્યું. ૧૬૧
૧૮. ગઢડામાં ભગતજીને જળઝીલણીના સમૈયે તેડાવવા ખૂબ દાખડો કર્યો. ૧૬૬-૧૬૭
૧૯. જ્યાંથી વિમુખ કર્યા એ જ જૂનાગઢમાં ધામધૂમથી સન્માન કરાવ્યું અને સાચા ગુરુભક્ત તરીકે અને સાચા શિષ્ય તરીકે યજ્ઞપુરુષદાસજીએ પોતાની ભક્તિ અદા કરી. ૧૮૩થી૧૮૫
૨૦. ભગતજીનું અપ્રતિમ સન્માન અને સ્વામીશ્રીનો અપૂર્વ દિગ્વિજય. ૧૮૫થી૧૮૭


**૩. મંદિર નિર્માણ કાર્યમાં પ્રગટ થતી શાસ્ત્રીજી મહારાજની અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા.**


૧. ભક્તે સહિત ભગવાનની ઉપાસના શાસ્ત્રસંમત - સ્વામી નિર્મળદાસજીને વઢવાણમાં જમીન અપાવતાં પહેલાં અક્ષરપુરુષોત્તમ પધરાવવાનું વચન લીધું. ૨૨૧
૨. વઢવાણ વિરુદ્ધ મૂળીમાં થયેલી સભા કોઈ ઠરાવ વગર વિખરાઈ ગઈ. ૨૪૦
૩. મધ્યમંદિરમાં મૂર્તિ બેસાડવાનો વિરોધ થાય તો બાજુના ખંડમાં પણ અક્ષરપુરુષોત્તમ પધરાવી દેશો. ૨૪૩
૪. મને સંકલ્પ હતો કે તમારી હયાતીમાં મહારાજ અને સ્વામી બેસે તો સારું - કોઠારી ગોવર્ધનભાઈને સ્વામીશ્રી કહે છે. ૨૪૫
૫. મહારાજે કાશીદાસ મોટા ને ધામ સહિત બિરાજવાનો વર આપ્યો હતો. તે મુજબ પ્રથમ મંદિર બોચાસણમાં કરવાનો નિર્ણય. ૨૯૨-૨૯૩
૬. હે સ્વામી ! આપ દયા કરી બિરાજો - સ્વામીશ્રીએ બોચાસણ મૂર્તિપ્રતિષ્ઠામાં ગુણાતીતાનંદ સ્વામીને કરેલી પ્રાર્થના. ૩૨૬

૭. મહારાજ અને સ્વામી માટે મૂંડાવ્યું છે. - લીમડીના ઠાકોર સાહેબને. ૪૨૫

૮. મૂર્તિઓ પધરાવી છે તે કબૂલ રાખે. આચાર્ય મહારાજ આરતી ઉતારે તો જ ભેગું ભળવું - કોઠારીનો સ્પષ્ટ અભિપ્રાય અને સ્વામીશ્રીનો તો એ સિદ્ધાંત જ હતો. ૪૭૪

૯. અક્ષરપુરુષોત્તમને મધ્ય મંદિરમાં પધરાવવા તેમાં મહારાજનો રાજીપો છે. ૫૬૯

**પ્ર.૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. સારંગપુર હનુમાન મંદિરના નિવાસ દરમિયાન શાસ્ત્રીજી મહારાજે કરેલો મંદિરનો વિકાસ.**

૧. સારંગપુરના મંદિરની મહંતાઈ - સત્સંગ પ્રવૃત્તિથી જીવંત થયેલું સારંગપુર - ઉપાધિઓ અને અગવડતા - પ્રસાદિનાં સ્થાનોનો કરેલો જીર્ણોદ્ધાર - સ્વામીશ્રીની કાર્યશક્તિ. ૨૦૯ થી ૨૧૩

**૨. કાનમ દેશમાં શુધ્ધ ઉપાસનાનું સ્થાપન**

૧. પૂર્વ ભૂમિકા - કાનમ દેશમાં શુદ્ધ ઉપાસના સ્થાપન. ૧૩૭

૨. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રૌઢ પ્રતાપ. ૧૩૯

૩. વાહ, યજ્ઞપુરુષદાસ ! તેં તો અંતર ઠારી દીધું. ૧૪૩

૪. યજ્ઞપુરુષદાસ ઠાકરિયો વીંછી. ૧૪૭

**૩. બાળ ડુંગરની કથાવાર્તા પ્રત્યેની પ્રીતિ.**

૧. રાત્રે પિતા પાસેથી રામાયણ, મહાભારત તથા ભાગવતની કથા સાંભળતા. ૨૦

૨. ભગવાનની વાતો કરો તો ગડિયા વાળું. ૨૨

૩. વરતાલમાં સદા સંતો પાસે બાળભક્તનો અડ્ડો. ૨૨

૪. લહિયાનાં ફેંકેલા પાના કથાકારની અદાથી વાંચતા. ૨૩

૫. મહાભારતની કથા કરી. ૨૬

૬. મોટા મોટા સાધુ ડુંગર ભક્તને પ્રથમ હરોળમાં બેસાડતા. ૨૭

૭. આચાર્ય મહારાજ તથા સંતો પાસે બેસારીને મહારાજની લીલાની વાતો સંભળાવતા - અદ્‌ભૂતાનંદ સ્વામી તેમને ત્યાગ-વૈરાગ્યની વાતો કરતા. ૨૮

**૪. જૂનાગઢમાં સત્સંગિજીવન ગ્રંથની પારાયણ.**

ચાર પુરાણીઓ દ્વારા કથા - યજ્ઞપુરુષદાસ શાસ્ત્રી કથા વાંચવા બેસે ત્યારે મને બોલાવવા આવજો - જેની કથાથી સૌને વિશેષ સમાસ થયો હોય તેની પ્રથમ પૂજા થવી જોઈએ - ગુરુ થવાનો અધિકાર કાંઈ એકલા ભગવાંધારીઓએ જ રાખ્યો નથી - આપણી સારપ્ય રાખવા સારૂં જો એમનું ઘસાતું સાંભળી રહીએ તો મહારાજના વચન પ્રમાણે વિમુખ કહેવાઈશું - પ્રથમ પૂજન પુરાણી હરિદાસ તથા ગોપીનાથદાસનું કરાવ્યું. ૧૭૯ થી ૧૮૨

**(વિભાગઃ ૨ 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ', સંક્ષિપ્ત જીવન ચરિત્રના આધારે તૃતીય આવૃત્તિ, નવેમ્બર૧૯૯૨ના)**

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે છ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. યોગીજી મહારાજના જીવનમાં સેવાધર્મ અને સેવાનું રહસ્ય.**

૧. પૂર્વભૂમિકા - 'સેવાથી સત્પુરુષ હૃદયમાં (જ્ઞાનનો) પ્રકાશ પાથરી દે.' ૮૧

૨. યુવાનને - 'વાસણ ઘસવાથી આ પ્રાપ્તિ થઈ છે.' ૮૧

૩. દાસત્વનો આદર્શ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, સદ્‌ગુરુ પરમહંસો. ૮૨

૪. 'અત્યારે તો જોગી જ મારી લાજ રાખશે.' - શાસ્ત્રીજી મહારાજ - ૪૦ સદ્‌ગુરુઓની સેવા - મને અંતરમાં શાંતિ છે. ૮૪

૭૦૨

૫. પીરસવાનું પુણ્ય મોટું છે - આફ્રિકામાં યુવકોના કપડાં ધોયા - કોઠારી બબુભાઈનું ધોતિયું તારવવા લીધું. ૮૫
૬. અટલાદરામાં રાત્રે બાર વાગે સી. ટી. પટેલને સૂવાની વ્યવસ્થા કરી આપી. ૮૬
૭. રામોદમાં કથાવાર્તા કરી રસોઇ કરી. માતમ સ્વામી બહુ દયાળુ. પ્રેમથી સેવા આપી. ૮૬
૮. ૭૬ વર્ષની ઉંમરે ગોંડલમાં રસોડામાં સેવા કરી બગીચો સાફ કરવા લાગ્યા - ગુરુ થવામાં માલ નથી. ૭૪ વર્ષની વયે અનેક રોગો છતાં 'વાસણ ઉટકવાનો ઉત્સાહ.' દેહની શિથિલતાથી સેવા ન થતી ત્યારે સ્વપ્નમાં પણ સેવા - ગૌશાળા સાફ કરી ૮૭, ૮૮
૯. હરિભક્તોને પાણી પાયું - ચાણસદમાં દસ શેરની રોટલી ને અધમણનું શાક કર્યું. ૮૯

**૨. નિયમ-ધર્મના પાલક અને પળાવનાર યોગીજી મહારાજ. (૧) વર્તન દ્વારા પ્રેરણા :**

**૧. નિઃસ્નેહી :**

૧. અમદાવાદ આવેલા કમળશીભાઈને ભેગા ન થયાં - નાનાભાઈ છગનભાઈ હંમેશા યોગીજી મહારાજના પ્રેમથી વંચિત - મારું ગામ બ્રહ્મગામ. બ્રહ્મમહોલ છે. ૯૦,૯૧
૨. અમારાથી તો એના ઝાડવાં પણ ન જોવાય - ગામ, નામ, ઠામ બધું બળી ગયું. બ્રહ્મ હમારી જાત. ૯૨
૩. મારે ગામ નથી, મારે જાત નથી. - ધારીના વતની ને. જન્મ સ્થાનનો પ્રસંગ ન વાંચવો - મગનલાલ ડ્રેસવાળાનો પ્રસંગ. ૯૩

**૨. અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ.**

૧. મહારાજે આપણો સ્વાદ ટાળ્યો - બાળકીને આશીર્વાદ અપાવવા યોગીજી મહારાજ સુધી આવી પહોંચ્યા - નિષ્કામી વર્તમાનમાં ફેર પડવાથી ઉપવાસ - એ લોકોએ પહેલાં આપણને બેસાડવા જોઈએ ને પછી બીજાને બેસાડે તો બાધ નહીં. નૈરોબીમાં પ્લેનમાં બેસતા પહેલાં. ૯૪
૨. પોતાનો ઉપવાસ સિદ્ધેશ્વર સ્વામીને કરવાની આજ્ઞા. ૯૫

**૩. ત્યાગ વૈરાગ્ય :**

૧. અમારે સાધુને શાલ દુશાલા ન ઓઢાય. કૃષ્ણશંકર શાસ્ત્રીએ ઓઢાડેલું રૂપેરી કોરનું રેશમી પીળું ઉત્તરીય શાસ્ત્રીને પરત - વૈરાગ્યનો વિવેકપૂર્ણ અભિગમ - સોંઘી શાલ જાણીને સ્વીકાર. ૯૬, ૯૭
૨. દીનુ ભટેસાએ લાવેલાં હાથ-પગનાં મોજાનો અસ્વીકાર, ચાંદીના પ્યાલામાં આવેલું દૂધ અંગીકાર ન કર્યું. ૯૮
૩. જાડાં વસ્ત્રો જ પહેરવાનો આગ્રહ. જૂના તો લેને ? માટે જાડાં વસ્ત્રો જ સારાં. ૯૯
૪. પાટ પર સૂતા - સાધુતાનો વટ ઉતરી ગયો - દવા તરીકે બદામ - ઈલાયચી. ૧૦૦-૧૦૧

**(૨) ઉપદેશ અને કાર્ય દ્વારા પ્રેરણા : ૧.** મહેન્દ્ર ભગત તથા બાળક હિતેશને પાણી પીવાની છૂટ ન આપી. જીવની દયા - બટાટાં રાખથી ઊટકાવ્યાં - અક્ષરભવનની ગૅલેરીમાં કામ વગર જવું નહિ - બહાર ડોકિયું કરવું નહિ.- તુંબડામાં જ પાણી પીવું - પાંચ દિવસે એક ઉપવાસ કરવો - સંતો ભૂલ કરે તો ઉદાર દિલે ક્ષમા સાથે તે પ્રમાણે વર્તવાનો દૃઢાવ પણ કરાવતા - નિષ્કામી વર્તમાન વિના વિદ્યા, શાસ્ત્ર ભણ્યા હોય તો ય કંઈ નહિ, વિદ્યા અને ત્યાગ નિષ્ફળ જાય - સંકલ્પ થાય તો માળા કરવાની પ્રેરણા આપતા - નિઃસ્વાદી વર્તમાન પાળવું - સ્વાદિયાનો સંગ ન કરવો - પૈસાને અડવું નહિ - કોઈ હિસાબ ગણતો હોય તે જોવું નહિ - વચનામૃત, સ્વામીની વાતુ સિવાય કાંઈ વાંચવું નહિ. ૧૦૧ થી ૧૦૬
**૨.** લૉજમાં ન જમશો - સંતોને તકલીફ નથી. - બહારનું નહિ ખાતા હરિભક્તોને વહેલા જમાડવા, ભાથું બાંધી આપવું. - ૧૫૧,૧૫૨

**૩. 'ભીડાને યોગીબાપા ભક્તિ જ કહેતા'.**

૧. ભીડો વેઠવાનો હેતુ - હરિભક્તોના સંતોષ માટે, રાજી રાખવા માટે. ૧૫૫
૨. પધરામણીની સંખ્યા - વિકટ પરિસ્થિતિ શિયાળો - ઊનાળો - ચોમાસુ - દેહને ગણકાર્યા વિના પધરામણી. ૧૫૬
૩. કઠિન પરિસ્થિતિ - વાહન બગડે ધક્કા મારવાના - વરસાદ ચાલુ - નિર્ધારિત કાર્યમાં વિલંબ થાય છતાં પધરામણી ચાલુ જ રાખતા. ૧૫૬
૪. ભેંસદડમાં નવા મકાનમાં પધરામણી કરાવવાની હતી. બીજા ઘણા હરિભક્તોની પધરામણી માટે વિનંતી. રાતના દસ વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલુ જ રહ્યો. ૧૫૬
૫. અમદાવાદમાં એકાદશીના દિવસે સવારે ૯.૩૦ થી સાંજે ૬ સુધી ફરી પધરામણી. ૮.૩૫ થી ૧૨ વાગ્યા સુધી કથાવાર્તા. ૧૫૭


૭૦૨

૬. વાસદથી પીપલગ સવારે ખાતવિધિ. પછી ખુરશીમાં બેસી પધરામણીઓ. ૧૫૭
૭. માંદગીના આરામ બાદ ગુજરાતમાં પધારે ત્યારે ભરચક કાર્યક્રમ શરૂ. ૭૯ વર્ષની ઉંમર સુધી આ બધું વેઠ્યું. ૧૫૮
૮. શિયાળામાં સખત શરદી. તાવ, અશક્તિ છતાં અસમર્થ થાય ત્યારે જ આરામ. છતાં કથાવાર્તામાં સંપૂર્ણ સ્વસ્થતા બતાવે. ૧૫૮
૯. અપરંપાર ભીડો છતાં મહારાજના પરમહંસોના ભીડાની વાત. દેહને કારસો પડે પણ મહિમા જાણવો. ૧૫૮
૧૦. સ્વામીશ્રીની દયાળુ પ્રકૃત્તિ. તેથી ભક્તોનો ગમે તે નાના પ્રસંગોમાં પણ સ્વામીશ્રીને તેડાવવાનો આગ્રહ. ૧૫૯
૧૧. નિરર્થક ખાનગી મુલાકાતોમાં સ્વામીશ્રીનો સમય વ્યય. વૃદ્ધાવસ્થા તકલીફનો વિચાર નહીં. ૧૫૯
૧૨. સ્વામીશ્રીના ભીડાને કારણે સંપ્રદાયને અમર્યાદ પ્રાપ્તિ. સંતપણાની અગાધ અસર સમાજ પર. ૧૫૯

**પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. પત્રલેખનમાં યોગીજી મહારાજની ભક્તો પ્રત્યે આત્મીયતા**

૧. જે યુવકો સાધુ થવા ઈચ્છતા હતા તેમને પત્ર દ્વારા માર્ગદર્શન ૧૯૮
૨. ઉદાહરણરૂપ પત્ર - સંતવૃંદ પર ૧૯૯
૩. મહુવામાં ભગતજી મહારાજના સમાધિ સ્થાને મૂર્તિપ્રતિષ્ઠા કર્યા પછીનો પત્ર ૨૦૦

**૨. શાસ્ત્રીજી મહારાજે લીધેલી યોગીજી મહારાજની સાર-સંભાળ**

૧. પૂર્વભૂમિકા ૨૯
૨. શાસ્ત્રીજી મહારાજનો વિજ્ઞાનદાસ સ્વામી ઉપર પત્ર. ૩૦
૩. શાસ્ત્રીજી મહારાજનો કેશવલાલ દીવાન પર પત્ર. ૩૦
૪. કેશવલાલ દીવાનની મદદ. ૩૦
૫. જ્ઞાનજી સ્વામીની સર્વોચ્ચ મૂડી હરિકૃષ્ણ મહારાજની પ્રાપ્તિ. ૩૧
૬. મુંબઈવાળા ભગવાનદાસ શેઠનો સહયોગ. ૩૨
૭. કૃષ્ણજી અદાની સહાય - સંતમંડળ રાજકોટમાં ૩૨
૮. સંવત ૧૯૬૭ અષાઢ સુદ ૧૩, તા. ૯-૭-૧૯૧૧ ના રોજ શાસ્ત્રીજી મહારાજ સાથે મિલન. ૩૨

**૩. શાસ્ત્રીજી મહારાજના વારસ યોગીજી મહારાજ :**

૧. ભાવનગરમાં જયંતિભાઈ આગળ - આપણને શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે અને મોક્ષનું દ્વાર મનાય છે તે કલ્યાણ થઈ જ ગયું છે. ૧૧૭
૨. ૪૦ વર્ષ સુધી શાસ્ત્રી મહારાજની અનુવૃત્તિ સાચવી છે - શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું જ કર્યું છે. - વીસ વર્ષ શાસ્ત્રીજી મહારાજની પૂજા પાથરી છે - ગુરુમાં સંપૂર્ણપણે જોડાઇ તદ્‌વત્‌ ભાવને પામવું. ૧૧૮
૩. ગુરુ સાથે પોતાની તુલના ન થવા દેતા કોઈ કરે તો ચાંદ્રાયણ કરવાનું પ્રાયશ્ચિત - શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા કે ઈચ્છા આગળ પોતાનો આગ્રહ કે સિદ્ધાંત પકડી રાખતા નહીં. ૧૧૯
૪. જુદા જુદા અવસરે શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતા. ૧૨૦
૫. ૮૦ મી જન્મ જયંતીએ 'સ્વામિનારાયણ પ્રકાશમાં ગુરુ ગુણ.' ૧૨૧
૬. પ્રાકટ્ય સ્થાન મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની પ્રતિષ્ઠા - શાસ્ત્રીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ - મહેળાવ ગુરુચરણમાં પ્રાર્થના. ૧૨૨-૧૨૩

**૪. ઝીણાભાઈનો ગૃહત્યાગ**

૧. ધારી મંદિરમાં ઠાકોરજીની સેવામાં ઝીણાભાઈ. ૧૧
૨. આંતરિક જીવનમાં સંપ્રદાયના મહાન સંતોનું પ્રેરણાબળ. ૧૨
૩. કુંકાવાવમાં ફોઈ માણેકબાને ઝીણાભાઈમાં સિદ્ધ પુરુષનો ભાસ. ૧૨
૪. કૃષ્ણચરણદાસ સ્વામીનો પ્રશ્ન : ઝીણા તારે સાધુ થવું છે ? ૧૩
૫. આપની ઈચ્છા છે તો મારા માતુશ્રીને સમજાવીને ઝીણાભાઈને આપની પાસે મોકલી દઈશ - કમળશીભાઈ. ૧૩

૭૦૨

૬. ઝીણાભાઈ અને ફોઈ સાકરબાના પુત્ર જેરામનો ગૃહત્યાગ. ૧૪
૭. કમળશીભાઈનાં પત્ની નંદુબાની હૈયાધારણ. ૧૪
૮. માતાના આક્રંદને કારણે બન્ને પાછા લાવ્યા. ૧૪
૯. સાંસારિક પ્રવૃત્તિઓ વિસારે પાડી જડભરત જેવું જીવન કર્યું. ૧૫
૧૦. કમળશીભાઈની પુરીબાને સમજાવવાની કોશિશ. ૧૫
૧૧. 'બા, મને પાછો કેમ લાવ્યાં ? મને જવા દ્યો. મારો ભવ સુધરી જશે. બા, મને રજા દ્યો.'
ઝીણાભાઈની આર્દ્રભાવે પુરીબાને વિનંતી. ૧૫
૧૨. એક દિવસ પોતાની પાસે રહે તો રજા આપવાની પુરીબાની સંમતિ. ૧૬
૧૩. સંવત ૧૯૬૫ ના કારતક સુદિ છઠને દિવસે ઘણા સમય પછી ઝીણાભાઈનું ઘરમાં રાત્રિ રોકાણ. ૧૬
૧૪. સંવત ૧૯૬૫ કારતક સુદી સાતમે માતાના હાથનો કંસાર જમી વિદાય. ૧૭
૧૫. ભાઈ ! કુળની લાજ રાખજો. ત્યાગને દીપાવજો. શ્રીજીમહારાજ તમારી રક્ષા કરશે - કમળશીભાઈ ૧૭

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૬)**

**☞ નોંધ : વચનામૃત ક્રમાંક તથા સંદર્ભ ગ્રંથનું નામ ન લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

**૧. એકાંતિક ધર્મ સિદ્ધ કેવી રીતે થાય ? ('એકાંતિક ધર્મ' પુસ્તિકાના આધારે)** (૨૦ થી ૨૪)

**(૧)** એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય. પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે જેને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે. (ગ.પ્ર.૬૦) આ જ વાતને સમર્થન આપતા તેઓ કહે છે : 'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ, એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય. તેની જો એ જીવને ઓળખાણ થાય તો, એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.' (વર. ૧૯) સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ, તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મ (એકાંતિક ધર્મ)નું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.' (ગ.પ્ર. ૫૪) **(૨)** 'સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત ભગવાનને વિષે અનન્ય ભક્તિએ યુક્ત એવો એકાંતિક ધર્મ સામાન્ય આત્મબળવાળા પુરુષે પામવો અતિશય કઠણ છે. તે એકાંતિક ધર્મ ધારવાવાળા પુરુષ જે સમયે હોય, તે સમયે એકાંતિક ધર્મ પ્રગટ થાય છે અને એવા પુરુષ જ્યારે ન હોય ત્યારે તે અદૃશ્ય થઈ જાય છે. માટે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનના સંગથી અથવા તે ભગવાનના એકાંતિક ભક્તના સંગથી, મુમુક્ષુજન એકાંતિક ધર્મને પામે છે, એ વિના બીજે પ્રકારે કરીને ક્યારેય પણ એ એકાંતિક ધર્મને પામતા નથી. **(૩)** પરંતુ, એકાંતિક ધર્મ સિદ્ધ કરવા માટે એકાંતિક ધર્મના ધારક સત્પુરુષને ઓળખવા પડે છે. શ્રીહરિ કહે છે કે બધા સાધુ એકસરખા છે, એવી સમજણવાળો તો વિમુખ છે. (ગ.મ. ૬૧) મોટા એકાંતિકને સામાન્ય સાધુ તુલ્ય ગણી કાઢવા એ તો એમનો દ્રોહ કર્યા બરાબર છે અને સામાન્ય સાધુને મોટા એકાંતિક તુલ્ય ગણી તેમને વળગવાથી કલ્યાણના માર્ગની સલામતી રહેતી નથી. તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે : 'તમે અંતરની આંખે ઓળખી, કરો સદ્‌ગુરુ સંતનો સંગ ઓળખવું અંતર રે....' **(૪)** જે મુમુક્ષુ એકાંતિક ધર્મ સિદ્ધ કરવાના માર્ગે ચાલ્યો છે, તેના અંતરમાં એકાંતિક ધર્મનું બળ વધારવાનો ઉપાય પણ શ્રીહરિ સૂચવે છે : 'એના ઉપાય ચાર છે - એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ. તેમાં ક્રિયાનું સમર્થપણું તો થોડું છે ને દેશ, કાળ ને સંગનું કારણ વિશેષ છે. કેમકે જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ ને તમ જેવા સંતનો યોગ હોય ત્યાં ક્રિયા રૂડી જ થાય... (માટે) સંગ પણ પ્રભુના ભક્ત, ને પંચવર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેતા સાધુ તેનો કરવો. તો, હરિભક્તને પરમેશ્વરની તે ભક્તિનું બળ અતિશે વૃદ્ધિ પામે.' (ગ.પ્ર. ૨૯) **(૫)** 'તે માટે ભગવાનનો એકાંતિક ભક્તનો સમાગમ કરીને, જે ભક્તને વિષે એ ચાર ગુણ અતિશય દૃઢપણે વર્તે છે તે ભક્તને સર્વ સાધન સંપૂર્ણ થયાં અને તેને જ એકાંતિક ભક્ત જાણવો. પરંતુ જે ભક્તને એ ચારે ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તની સેવા સમાગમે કરીને તે ન્યૂનતા ટાળવી.' (ગ.પ્ર. ૧૯) નિત્યપ્રત્યે સાધુનો સમાગમ કરવો.' અહીં

ઉપર કહ્યા એવા બ્રહ્મસ્વરૂપ, નિર્વાસનિક, એકાંતિક સાધુનો જ નિર્દેશ કર્યો છે. કારણ કે બ્રહ્માનંદ સ્વામી કહે છે તેમ - 'સાચે સંત મિલે કમી કાહુ રહી, સાચી શિખવે રામકી રીતકું જી; પરાપાર સોઈ પરબ્રહ્મ હૈ, તામેં ઠેરાવે જીવકે ચિત્તકું જી.' (૬) મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી... અને (ભગવાનની અખંડ સ્મૃતિ રહેતી હોય છતાં) પણ જે ધર્મરહિત છે, તે તો પોતાનું જ કલ્યાણ કરે છે. પણ એનાથી બીજા જીવનું કલ્યાણ થાય નહિ. ને તે એકાંતિક ભક્ત પણ ન થાય.' (જેત. ૪) (૭) શુકસનકાદિક જેવા જે મોટા પુરુષ તેની જે સેવા અને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહ વર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે. તેથી જ સંગ પણ પ્રભુના ભક્ત અને પંચવર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેતા સાધુ તેનો કરવો. તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશય વૃદ્ધિ પામે છે. અને એવા સંત રાજી થાય તેવાં કર્મો કરે તો, નરકમાં જવા જેવું પ્રારબ્ધ હોય છતાં ભૂંડાં કર્મોનો નાશ થઈ જાય છે, ને તે મુમુક્ષુ પરમપદને પામે છે. માટે જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે, કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત એ સંત ઉપર રાખવું. તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (૮) સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રને વચને કરીને દઢ વૈરાગ્યને પામ્યો હોય અને દઢ શ્રદ્ધાવાન હોય અને અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્ય તેને અતિ દઢ પાળતો હોય ને અહિંસાધર્મને વિષે દઢ પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અતિ પરિપકવ હોય, તો તેને માથેથી જન્મમરણની નિવૃત્તિ થઈ જાય છે. જેમ શાળને માથેથી ફોતરું ઊતર્યું, તે શાળ પાછી ઊગે નહિ; તેમ કહ્યાં એવે ગુણે કરીને જે યુક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જે માયા તેથી છૂટે છે, ને જન્મમરણ થકી રહિત થાય છે. ને આત્મસત્તાને પામે છે. આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે અને પરમેશ્વરની કૃપા પણ એવે લક્ષણેયુક્ત હોય તે ઉપર જ થાય છે અને જ્યારે પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે.' (સા. ૧૧) (૯) એકાંતિક એવા જે ભગવાનના જ્ઞાની ભક્ત તેનો સમાગમ કરીને જ્ઞાનની દૃઢતા કરવી, કેમ જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનની દઢતા વિના તો પ્રજાપતિ આદિક જે જગતના સ્ત્રષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે, ને પાછા અંતે માયાને વિષે જ લીન થાય છે. પણ પુરુષોત્તમ ભગવાનના અક્ષરધામને તો એ પામતા જ નથી. તે શા સારું, તો તેમની સમજણમાં ભૂલ છે... (તે) એમની ભૂલ કહીએ તે સાંભળો, એક તો પોતાની મુક્તિ થવી તેને વિષે પોતાની ક્રિયાનું જ બળ સમજે છે, પણ ભગવાનના આશરાનું બળ નથી સમજતા. ને બીજું, અક્ષરરૂપ થઈને શ્રી પુરુષોત્તમ નારાયણની સેવા કરવી એ જ મુક્તિ છે, એમ નથી માનતા, એ ભૂલ છે..... તે જ્યારે ભગવાનના એકાંતિક ભક્તના સમાગમે કરીને સમ્યક્‌પ્રકારે જ્ઞાનને પામશે ત્યારે જ બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામને પામશે, ને મહાસુખિયા થશે. માટે ભગવાનના જે ભક્ત તેમને ભગવાનની સેવા વિના બીજી ઇચ્છા રાખવી નહીં. (અશ્લાલી-૧) (૧૦) આવા આ અતિ કઠિન માર્ગમાં મુમુક્ષુને ઇંદ્રિયો-અંતઃકરણ સાથે સંઘર્ષમાં આવવું પડે છે. તેમાંય જે મુમુક્ષુ 'મન સાથે લડાઈ આદરે અને જો મનને જીતે તો નિર્વિકલ્પ સ્થિતિને પામે, ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય અને જો મન આગળ હારે તો પણ યોગભ્રષ્ટ થાય, તે પછી એક જન્મે અથવા ઘણ જન્મે પણ અંત્યે જાતાં તે એકાંતિક ભક્ત થાય, પણ એણે દાખડો કર્યો તે છૂટી ન પડે. માટે બુદ્ધિવાન હોય તેણે તો પોતાના કલ્યાણને અર્થે મન સાથે જરૂર વેર બાંધવું.' (વર. ૧)

૨. **અક્ષરધામ એ પરમધામ છે. (૧૫) ('સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો' પુસ્તિકાના આધારે)**
ભગવાનનાં ધામ જેવાં કે કૈલાસ, વૈકુંઠ, ગોલોક આદિ અજડ દ્રવ્ય અથવા શુધ્ધ સત્વનાં બનેલાં છે, એવી માન્યતા જુદાજુદા શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોની છે. ધામમાં ભગવાનના દિવ્ય આભૂષણો, આયુધો, ચાકરો, માર્ગો, ગૃહો, દ્વારો, મંડપો, મણિરત્નો, રથો, નદી, ગાયો વગેરે સર્વે આવાં શુધ્ધ સત્ત્વાત્મક દ્રવ્યનાં બનેલાં છે. આવાં વર્ણનોમાં અહીંના પ્રાકૃતિક ભોગ-પદાર્થોની જેમ ત્યાં અપ્રાકૃત ભોગ-પદાર્થો જોવા મળે છે. ટૂંકમાં આ ધામોમાં માયાનો ભાવ જોવા મળે છે. તદ્‌ઉપરાંત સ્ત્રી-પુરુષોનો આકારભેદ પણ રહે છે. તેમજ આ ધામોને પરિમાણ છે. તેનાં સ્થળો અને યોજનમાં વિસ્તાર બતાવવામાં આવ્યા છે. તેથી તે ધામો સ્થળ-કાળ મર્યાદાવાળાં જણાય છે. વળી, લક્ષ્મી અથવા દેવી અને ભગવાનનાં સ્વરૂપનાં જુદાજુદા વર્ણનો જોવા મળે છે. આ બાબતમાં તદન સ્વતંત્ર અને ક્રાંતિકારી, માયાપ્રકૃતિના ભાવથી રહિત વિચાર શ્રીજીમહારાજે આપ્યો છે. ધામરૂપે અક્ષરબ્રહ્મ એકરસ ચૈતન્ય છે. સચ્ચિદાનંદ છે. એ તેજોમય અને એધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે, ગુણાતીત છે, માયા પ્રકૃતિથી પર છે. આમ અક્ષરધામ સ્થળકાળથી પર છે. ધામમાં પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને મુક્તોના દેહ

ચૈતન્યમય ભાગવતી તનુ છે સર્વના આકાર પુરુષોત્તમ જેવા છે. જેથી સર્વત્ર પુરુષોત્તમ જ દેખાય છે. ધામમાં સ્ત્રી-પુરુષ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા, ત્રણ દેહ કે એવા કોઈ ભાવ કે ભેદ નથી. નથી ભોગવિલાસ કે અપ્રાકૃત વિષયો. સર્વ મુક્તો ને અક્ષરબ્રહ્મ એ પુરુષોત્તમના ધ્યાનમાં રત હોય છે. આમ અક્ષરધામની પ્રાપ્તિ એ સાચા અર્થમાં પરમપદની પ્રાપ્તિ છે. આમ શ્રીજીમહારાજ આ બાબતમાં પણ સૌથી અલગ મૌલિક અને તત્વજ્ઞાનની દૃષ્ટિએ બુદ્ધિગમ્ય વિચાર રજૂ કરે છે. આ વિચારની પ્રતીતિ તે તે સંપ્રદાયની ઉપાસના તપાસવાથી થશે. શૈવ સંપ્રદાયોમાં પરમશિવ (મહેશ્વર)ની તેની શક્તિ (શ્રી-દેવી) સાથે ઉપાસના થાય છે. રામાનુજાચાર્ય અને મધ્વાચાર્ય લક્ષ્મીએ સહિત નારાયણનું ધ્યાન ઉદ્‌બોધે છે. નિમ્બાર્ક, વલ્લભ, ચૈતન્ય અને હિત-હરિવંશીજી રાધાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવાનું કહે છે. રામાનંદાચાર્ય સીતાએ સહિત રામનું ધ્યાન કરવા કહે છે. આ દરેકમાં સ્ત્રી અને પુરુષભાવ ધ્યાનમાં પણ રહે છે. જ્યારે સ્વામીએ સહિત નારાયણ કહેતા અક્ષરબ્રહ્મ સહિત પરબ્રહ્મની ઉપાસનામાં તો ગુણાતીત અક્ષરબ્રહ્મરૂપ થઈ કેવળ પરબ્રહ્મ-પુરુષોત્તમનું ધ્યાન કરવાનું રહે છે. આપણી ઉપાસનામાં સ્ત્રી-પુરુષનો ભાવ રહેતો નથી. કારણ પરબ્રહ્મ એ સદા દિવ્ય કિશોર મૂર્તિ છે. આમ વિશુધ્ધ ઉપાસનાની વાત સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ જોવા મળે છે.

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **આગવી અને ત્વરિત નિર્ણય શક્તિ : શાસ્ત્રીજી મહારાજ :** શાસ્ત્રીજી મહારાજ નિર્ણયો લેવોનો સમયગાળો - સામાન્ય અને વિકટ સંજોગો - સારંગપુર મંદિર મૂર્તિપ્રતિષ્ઠામાં શીરો ખૂટાડવાનું ષડયંત્ર - શાસ્ત્રીજી મહારાજે લીધેલા નિર્ણયો - ગોંડલ મંદિર નિર્માણમાં ત્રણ શરતોનો સ્વીકાર - મારી જિંદગીમાં પસ્તાવું પડે એવો એકેય નિર્ણય મેં લીધો નથી. - નારાયણસ્વરૂપદાસની પ્રમુખ તરીકેની નિમણૂક - બીજા પ્રસંગો.

૨. **પ્રમુખસ્વામી મહારાજ અદ્વિતીય ગુરુ :** આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન - ગુરુ બ્રહ્મા:... શ્લોકથી ગુરુની સ્તુતિ - ઉપરના શ્લોક પ્રમાણેના તમામ ગુણો પ્રમુખસ્વામીમાં. ગુરુબ્રહ્મા.... તરીકે બાળકો, યુવાનો, વડીલો વગેરેના જીવનનું ઘડતર, ગુરુવિષ્ણુ.... સર્વેમાં રહેલા સારા ગુણોનું પોષણ, ગુરુ દેવો મહેશ્વર... સર્વેમાં રહેલા દુર્ગુણો, વ્યસનો, વગેરેના સંહારક, ગુરુ સાક્ષાત્ - પરબ્રહ્મ.... ભગવાનનું દર્શન તેમના દ્વારા, ભક્તોના સંકલ્પો, ભાવની પૂર્તિ - પ્રસંગો.

૩. **વિક્ષેપોમાં સ્થિરતા - કતાહર્તાપણાનો વિચાર :** જીવનમાં તડકા-છાયા આવ્યા કરે - સુખ પછી દુઃખ - દુઃખ પછી સુખ - પણ આ બધા વિક્ષેપોમાં સ્થિરતા રાખવા કર્તાહર્તા એક શ્રીજીમહારાજ છે. એમની મરજી વિના સૂકુ પાંદડું પણ હલતું નથી - એ વિચાર હંમેશા રાખવો - ગુણાતીત પરંપરામાં પણ વિક્ષેપોમાં સ્થિરતા રાખવાના અનેક પ્રસંગો : (૧) ગુણાતીતાનંદ સ્વામી : જૂના સાવરગામ ઉગાખૂમાણે દરબારમાંથી કાઢ્યા, માર માર્યો, સીધું ન આપ્યું, રાંધેલી ખિચડી ઢોળાવી દીધી છતાં ભગવાનનું ભજન. (૨) ભગતજી મહારાજ : અનેક અપમાનો, મુશ્કેલીઓ. વિમુખ કર્યા છતાં મંદિરને ઓટલે બેસીને ‘આ જાય તે અક્ષર છે’... (૩) શાસ્ત્રીજી મહારાજ : અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું જ્ઞાન પ્રગટાવવા અનેક ઉપાધિઓ - મરચાંની ધૂણી - ખીચડીમાં ઝેર (પ્રસંગો) (૪) યોગીજી મહારાજ : ગુરુ વિજ્ઞાનદાસ સ્વામીએ દુઃખ આપવામાં કાંઈ બાકી ન રાખ્યું - પત્તરમાં પાણી રેડે, સાણસીથી સાથળમાંથી માંસનો લોચો છતાં ટોકણી ખમી. (૫) પ્રમુખસ્વામી મહારાજ : ગાંધીનગર અક્ષરધામમાં હુમલો - દિલ્હીમાં અક્ષરધામ માટેની જમીન માટે ઘણા વર્ષો રાહ જોવી પડી - (પ્રસંગો) આપણે પણ જીવનમાં અનેક વિક્ષેપો આવે પણ કર્તાહર્તા મહારાજ છે એવી નિષ્ઠા દૃઢ રાખી દરેક કાર્ય કરવું - દૃષ્ટાંત - રાજા-દિવાન - આંગળી કપાઈ - ભગવાનની મરજી - રાજાએ દિવાનને નોકરીમાંથી છૂટો કર્યો - પ્રસંગો - ઉપસહાર.

❑ ❑ ❑